# Happy New Year 2014 to all our Dear Readers

# ભીતરના અવાજો

–ડૉ. મનોજ જોષી 'મન'

.1.

આ નાચમનાચમાંથી આપણે નીકળી જવાનું છે,
પદારથ પાંચમાંથી આપણે નીકળી જવાનું છે.

બધેથી વાળીચોળીને કરો અસ્તીત્વને ભેગું!
ખુણા ને ખાંચમાંથી આપણે નીકળી જવાનું છે.

જરા મુશ્કેલ છે, કીન્તુ ચહો તો થઈ શકે ચોક્ક્સ,
સમયની ચાંચમાંથી આપણે નીકળી જવાનું છે.

બધાની જેમ એણે પણ તમોને છેતર્યાં તો છે!
અરીસા-કાચમાંથી આપણે નીકળી જવાનું છે.

તમે ધાર્યા મુજબ ક્યારેય પણ આકાર ના પામ્યા,
જીવનની ટાંચમાંથી આપણે નીકળી જવાનું છે.

.2.

તારા વગર બધુંય અરીસામાં હોય છે,
જોવાનું ક્યાં કશુંય અરીસામાં હોય છે!

આંખો હરણ બની અને ખેંચાય ત્યાં સતત,
કૈં ઝાંઝવાં સમુંય અરીસામાં હોય છે.

સંબંધ ખોખલોય જુઓ સાચવી રહ્યા,
આ બીંબ તો હજુય અરીસામાં હોય છે.

તું માત્ર તારી જાત ઉપર રાખજે નજર,
લોભામણું ઘણુંય અરીસામાં હોય છે.

એ સત્ય હોય, હોય સપન કે પછી ભરમ,
પણ તર્કથી જુદુંય અરીસામાં હોય છે.

## .3.

ધીમો અવાજ રાખ આ પડઘાનું શહેર છે,
તું દર્દથી ડરે ને આ સણકાનું શહેર છે.

તારી હકીકતો બધી મુઠ્ઠીમાં રાખજે,
આ આગ થઈને ઘુમતી અફવાનું શહેર છે.

તારાં જ સ્વપ્નનો જરા છાંયો કરીને ફર,
લાગી જશે તનેય લુ, તડકાનું શહેર છે.

ભરચક બજારે ચોકમાં મુકીને બાવલું,
ગાંધીને ગોળ ફેરવે, ચરખાનું શહેર છે.

તુટી જવાની ભલે લાખ શક્યતા રહી,
દોરો બની શકે તો આ મણકાનું શહેર છે.

## .4.

ઈશ્વરની જેમ વર્તવું ફાવી ગયું મને,
પથ્થર બનીને બેસવું ફાવી ગયું મને.

બસ, એક વાર એમ તું દેખાઈ શું ગયો !
આંખો ઉપરનું નેજવું ફાવી ગયું મને.

તળીયેથી છેક શબ્દ મળ્યા છે ઝળાહળા,
ખાલીપણું ઉલેચવું ફાવી ગયું મને.

ટપકે છે રોજ રોજ નવી એક–બે ગઝલ,
રડતું–ટપકતું ટેરવું ફાવી ગયું મને.

પાછળ બચ્યા છે શ્વાસ ફક્ત શ્વાસ એક બસ,
બાકી બધું સમેટવું ફાવી ગયું મને.

## .5.

ન તારી, ન મારી, નથી કોઈની પણ,
સ્થીતી સાવ સારી, નથી કોઈની પણ.

કદી સ્હેજ ઉપર, કદી સ્હેજ નીચે,
દશા એકધારી, નથી કોઈની પણ.

બીછાને નહીં તો હશે મનમાં કાંટા,
ફુલોની પથારી, નથી કોઈની પણ.

બધા જીન્દગીને ગળે લઈ ફરે છે,
અને એ ધુતારી, નથી કોઈની પણ.

જરા આયના પાસ બેસી વીચારો,
બધી ચીજ પ્યારી, નથી કોઈની પણ.

.6.

ફુલોની વાત કર, જરા ઝાકળની વાત કર,
તરસ્યો થયો છું ખૂબ હું, વાદળની વાત કર.

હું ભૂલવા મથું હવે કકળાટ સામટા,
ઝરણાંની વાત કર, જરા ખળખળની વાત કર.

પહેલા તપાસ ધાર જરા શબ્દની અને,
તું બેફીકર બની, પછી બાવળની વાત કર.

તારા વગરની એક પળે એક યુગ હતો,
ને તું મને કહે છે, પળેપળની વાત કર !

જોડી દીધા છે શ્વાસ મેં તારા અવાજમાં,
અટકી ગયો છે કેમ ? તું આગળની વાત કર.

.7.

હવેથી એક પણ સપનું ઘડે નહીં,
જરા સમજાવ આંખોને રડે નહીં.

હકીકતની જ લુચ્ચી ચાલ છે આ,
તીરાડો સ્વપ્નમાં અમથી પડે નહીં.

ખબર નહીં આ પવનને વેર શું છે ?
તને અડક્યા પછી અમને અડે નહીં !

ખરેખર ક્યાંય ખોવાયું નથી એ,
ઘણું શોધ્યા પછી પણ જે જડે નહીં.

જરા શરમાળ છે પીડા અમારી,
અમસ્તી એમ એ નજરે ચડે નહીં.

.8.

કુંડાળું મીટાવીને લીટી કરી છે,
સફરને અમે સાવ સીધી કરી છે.

‘નથી છોડતી માયા...’ કહેવાને બદલે,
અમે પોતે પક્કડને ઢીલી કરી છે.

ગઝલને પરણવાના યત્નોમાં અંતે,
અમે વેદનાઓની પીઠી કરી છે.

અમારું તો સમજ્યા, કે આદત પડી છે,
તમે કેમ આંખોને ભીની કરી છે ?

.9.

લાગણીશુન્ય હું નથી, મીત્રો,
એટલો ધન્ય હું નથી, મીત્રો.

હું ફક્ત હું જ છું, ગમે ત્યાંથી,
ભીતરે અન્ય હું નથી, મીત્રો.

હા, કવી છું; પરંતુ માણસ છું,
કોઈ નાવીન્ય હું નથી, મીત્રો.

આંખ–માથાં ઉપર બધાનાં છું,
પણ મને માન્ય હું નથી, મીત્રો.

તોય માગ્યો મને કુરુક્ષેત્રે,
કૃષ્ણ કે સૈન્ય હું નથી, મીત્રો.

.10.

ચંદ્રની વાતથી જ વાંધો છે,
સુર્ય છું, રાતથી જ વાંધો છે.

કૈં બીજું હોત તો જીવી જાતે,
પણ, મને જાતથી જ વાંધો છે.

રોજ આવીને જે જતી રહે છે,
એ બધી ઘાતથી જ વાંધો છે.

છે હૃદય કે પછી અરીસો છે ?
કેમ આઘાતથી જ વાંધો છે !

છેક નરસૈંયાના જમાનાથી,
છે, મને નાતથી જ વાંધો છે !

.11.

પંચ તત્ત્વની ગોટી આપી,
સાથે સમજણ ખોટી આપી.

હાથ દીધા બે બંધાયેલા,
ઈચ્છા કોટી કોટી આપી.

જીર્ણશીર્ણ શ્વાસોની કેડે,
'હું'ની ગાગર મોટી આપી.

રાત નામની ચાબુક સાથે,
દીવસો નામે સોટી આપી.

ક્યાંક મુલાયમ, સાવ સુંવાળી,
ક્યાંક ક્ષણો અખરોટી આપી.

.12.

ટુકું કરોને યાર; હવે મોડું થાય છે,
તુટ્યા બધાય તાર; હવે મોડું થાય છે.

આ દર્દ, આ તરસ વળી આંસુ ને ઝંખના,
કાંધા મળ્યા છે ચાર; હવે મોડું થાય છે.

ભજવી લીધાં તે પાત્ર ઘણાં રંગમંચ પર,
વાઘા બધા ઉતાર; હવે મોડું થાય છે.

લીંપેલ ભોંય જોને સતત ખુંચતી મને,
લઈ જાવ ઘરની બ્હાર; હવે મોડું થાય છે.

સંબંધનો હીસાબ તું ગણવા ન બેસ 'મન',
અંતે બધું ઉધાર; હવે મોડું થાય છે.

ડૉ. મનોજ જોષી 'મન'

'ભીતરના અવાજો'– ગઝલસંગ્રહ, પ્રથમ આવૃત્તી– ઓગસ્ટ: 2012, પૃષ્ઠ: 109, કીમત: રુપીયા: 120 માંથી સાભાર.. પ્રકાશક: પોતે, મુખ્ય વીક્રેતા: રન્નાદે પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ–380 001

કવીસંપર્ક: 101- શાંતીકુંજ એપાર્ટમેન્ટ, 7 – પટેલ કોલોની મેઈનરોડ, દીપભવન પાછળ, જામનગર: 361 008. ફોન: 0288-275 1161 & 275 6261 મોબાઈલ : 98242 28598
eMail: dr_manoj_astha@yahoo.co.in
Facebook : https://www.facebook.com/drmanoj.l.joshi?fref=ts

'સન્ડે ઈ-મહેફીલ'ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com ) નો ખુબ ખુબ આભાર..

– ઉત્તમ ગજ્જર

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષ : નવમું – અંક : 286 – December 29, 2013

'ઉંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકન : શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com

@@@@@

More than 2,62,30,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com
More than 24,56,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com
More than 5,66,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

@@@@@@@@@